**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**

## નવસારી કૃષિ યુનિવર્સિટી

**એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦**

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

# પરિપત્ર

**કૃષિ મહોત્સવ–૨૦૧૬ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીએ હાથ ધરવાની થતી કામગીરીના આયોજન અંગે ચર્ચા-વિચારણા કરવા માટેની બેઠક રાખવા બાબત...**

સવિનય જણાવવાનું કે, રાજય સરકારશ્રી દ્વારા આગામી **તા.૦૯/૦૫/૨૦૧૬ થી ૩૧/૦૫/૨૦૧૬** (દિન–૨૩) સુધી કૃષિ મહોત્સવ–૨૦૧૬ની રાજય વ્યાપી ઉજવણી થનાર છે. સદરહુ કૃષિ મહોત્સવ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીએ હાથ ધરવાની થતી કામગીરી અંગે ચર્ચા-વિચારણા કરવા માટે **તા.૩૦/૦૪/૨૦૧૬ ના રોજ બપોરે ૨.૩૦ કલાકે એટીક કોન્ફરન્સ હોલ, નવસારી** ખાતે એક બેઠક રાખવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવમાં નવસારી કૃષિ યુનિવર્સિટીએ હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત માહિતી (પરિશિષ્ટ–૨) આ સાથે સામેલ કરવામાં આવેલ છે, જેનો અભ્યાસ કરીને આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં દર્શાવેલ અધિકારીશ્રીઓ/ કૃષિ વૈજ્ઞાનિકોએ બેઠકમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૩/૨૦૧૬
નવસારી તા. ૨૯/૦૪/૨૦૧૬

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત સહ રવાના :**

પરિશિષ્ટ–૧માં દર્શાવેલ અધિકારીઓ/કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા બેઠકમાં ઉપસ્થિત રહેવા સારું.

# પરિશિષ્ટ–૧

| | |
|---|---|
| ૧. | સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી |
| ૨. | ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૩. | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૪. | ડીનશ્રી, વનબંધુ પશુચિકિત્સા–વ–પશુપાલન મહાવિદ્યાલય |
| ૫. | ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી |
| ૬. | કુલસચિવશ્રી, નકૃયુ, નવસારી |
| ૭. | આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી |
| ૮. | કાર્યપાલક ઈજનેરશ્રી, નકૃયુ, નવસારી |
| ૯. | નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, નકૃયુ, નવસારી |
| ૧૦. | શ્રી ડી.ટી.ચૌધરી, હિસાબ નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૧૧. | નિયામકશ્રી, આઈ.ટી., નકૃયુ, નવસારી |
| ૧૨. | ર્ડા. કે.એ.પટેલ, સહ સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૧૩. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૪. | સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, એનએઆરપી, નવસારી |
| ૧૫. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૬. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૧૭. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૮. | નોડલ ઓફિસરશ્રી(મેગાસીડ), કઠોળ અને દીવેલા સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૯. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીઆ, તા.પારડી, જિ.વલસાડ. |
| ૨૦. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ,સુરત.જિ.સુરત. |
| ૨૧. | પ્રાધ્યાપક (કૃષિ વિસ્તરણ), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૨. | પ્રાધ્યાપક (કૃષિ રસાયણશાસ્ત્ર), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૩. | પ્રાધ્યાપક (સસ્ય વિજ્ઞાન), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૪. | પ્રાધ્યાપક (કીટકશાસ્ત્ર), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૫. | પ્રાધ્યાપક (પ્લાન્ટ પેથોલોજી), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૬. | પ્રાધ્યાપક (કૃષિ અર્થશાસ્ત્ર), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૭. | પ્રાધ્યાપક (પશુપાલન), ન.મ. કૃષિ મહાવિદ્યાલયુ, નવસારી |
| ૨૮. | પ્રાધ્યાપક (જનિનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન) નમકૃમ, નવસારી |
| ૨૯. | પ્રાધ્યાપક (બાગાયત), ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૩૦. | પ્રાધ્યાપક (આંકડાશાસ્ત્ર), ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૩૧. | પ્રાધ્યાપક (કૃષિ ઈજનેરી), ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૩૨. | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૩૩. | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ. ડાંગ |
| ૩૪. | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ.તાપી |
| ૩૫. | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડીયાપાડા, જિ. નર્મદા |
| ૩૬. | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત |
| ૩૭. | પ્રો. બી.સી.નાયક, માહિતી અધિકારી, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૩૮. | પ્રો.વી.પી.વેજપરા, કાર્યક્રમ વ્યવસ્થાપક, સરદાર સ્મૃતિ કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૩૯. | ર્ડા. જી.બી.કાલરીયા, તાલીમ સહાયક, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૪૦. | ર્ડા. લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, નમકૃમ., નકૃયુ, નવસારી |
| ૪૧. | ર્ડા. એચ.યુ.વ્યાસ, સહ પ્રાધ્યાપક, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૪૨. | ડો. એસ.એલ. ચાવલા, સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૪૩. | ર્ડા. આર.એમ.નાયક, સહ પ્રાધ્યાપક (વિસ્તરણ), ન.મ.કૃ.મ., નકૃયુ, નવસારી |
| ૪૪. | પ્રો. ઘનશ્યામ સવાણી, મદદનીશ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,નવસારી |
| ૪૫. | પ્રો. એસ.ડી.કવાડ, મ.વિ.શિ.શા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૪૬. | પ્રો. એસ.આર.કુંભાણી, મ.વિ.શિ.શા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |

**પરિશિષ્ટ–૨**

**કૃષિ અને સહકાર વિભાગના પત્ર ક્રમાક : પરચ/૧૩૨૦૧૬/૮૫૭/મ.૩/ તા.૨૮/૦૪/૨૦૧૬ તરફથી પ્રસિધ્ધ થયેલ**

# કૃષિ મહોત્સવ–૨૦૧૬ માર્ગદર્શિકા

## અન્વયે

## નવસારી કૃષિ યુનિવર્સિટીએ
## હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત માહિતી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## વર્ષ : ૨૦૧૬

**કચેરી**


**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦**

**ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬**

e-mail :dee@nau.in, Website : www.nau.in

## કૃષિ મહોત્સવ–૨૦૧૬ અંર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીએ હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત માહિતી

### (૧) પ્રાથમિક માહિતી :

૧. રાજય સરકાર દ્વારા કૃષિ મહોત્સવની ઉજવણી વર્ષ ૨૦૦૫થી શરૂ કરવામાં આવેલ છે.

૨. ચાલુ વર્ષે કૃષિ મહોત્સવ–૨૦૧૬નું આયોજન તા.૦૯/૦૫/૨૦૧૬ થી ૩૧/૦૫/૨૦૧૬ (દિન–૨૩) સુધી કરવામાં આવનાર છે.

૩. ચાલુ વર્ષે ૧૨મો કૃષિ મહોત્સવ યોજાશે.

૪. કૃષિ મહોત્સવનો મુખ્ય હેતૂ કૃષિક્ષેત્રમાં લોકભાગદારીથી ગ્રામ્યકક્ષાએ આઘુનિક ઓજારો, કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વીજળી સંચયના કાર્યક્રમોનું આયોજન કરવું તથા કૃષિલક્ષી અને ગ્રામ વિકાસને લગતાં કાર્યક્રમોનું આયોજન કરીને કૃષિ સહાય અને વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવા.

### (૨) કૃષિ મહોત્સવ–૨૦૧૬ના કાર્યક્રમો :

૧. જિલ્લા કક્ષાએ "સેમીનાર અને એકઝીબીશન"ના કાર્યક્રમનું તાલુકાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ આયોજન કરવાનું રહેશે.
   - પાંચ કે પાંચથી ઓછા તાલુકા હોય ત્યાં એક કાર્યક્રમ
   - પાંચથી વધુ અને દસ તાલુકા હોય ત્યાં બે કાર્યક્રમ
   - દસથી વધુ તાલુકા હોય ત્યાં ત્રણ કાર્યક્રમ

૨. એક કાર્યક્રમ બે દિવસનો રહેશે. જેમાં એકઝીબીશન સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી બે દિવસ માટે રહેશે.

   સેમીનાર બે તબકકામાં રહેશે. સવારના ૯.૦૦ વાગ્યાથી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી અને બપોરના ૨.૩૦ વાગ્યાથી સાંજના ૬.૧૫ વાગ્યા સુધી રહેશે.

૩. બન્ને દિવસે દરરોજ ૨૫૦૦ ખેડૂતો કાર્યક્રમમાં ભાગ લેશે.

૪. કાર્યક્રમની સાથોસાથ પશુપાલન વિભાગે સ્થાનિક કક્ષાએ બે દિવસ માટે પશુ આરોગ્ય કેમ્પ કરવાના રહેશે.

૫. જિલ્લા ખેતીવાડી અધિકારીએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ સાથે ગુજરાત રાજય બીજ નિગમ, ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, **કૃષિ યુનિવર્સિટી,** જી.જી.આર.સી., ખાતર કંપનીના કર્મચારીઓમાં સહકાર મેળવવો.

૬. કૃષિ મહોત્સવના સ્થળે સ્થાનિક જરૂરીયાતને અનુલક્ષીને સ્ટોલ્સની કુલ સંખ્યા અંદાજીત ૫૦ ની આસપાસ રાખવાની રહેશે. સ્થળ ઉપર મંડપ, સ્ટેજ, સ્ટોલ તેમજ આનુસંગિક વ્યવસ્થા કરવાની કામગીરી સરકારશ્રી નિયમોનુસાર, ઈ–ટેન્ડરની યોગ્ય પ્રક્રિયા દ્વારા નિયત કરેલ એજન્સીથી કરવાની રહેશે.

૭. આ ૫૦ સ્ટોલ્સ પૈકી ૨૦ સ્ટોલ યુનિવર્સિટીએ કરવાના રહેશે.

૮. કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતે સેમીનારમાં અને ત્યારબાદ પ્રદર્શન ખાતેના કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ ઉપર સતત બે દિવસ હાજર રહી ખેડૂતોને સંબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા તે અંગેના ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું રહેશે.

૯. કૃષિ મહોત્સવ–૨૦૧૬ના આયોજન માટે કરવામાં આવેલ બજેટ જોગવાઈ અંગેની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજય બીજ નિગમ લી, ગાંધીનગરના હવાલે મુકવાની રહેશે, તેમની સૂચના મુજબ બીજ નિગમ જિલ્લાઓને/સંસ્થાઓને ગ્રાન્ટ ફાળવશે.

૧૦. સંબંધિત વિસ્તારના પાક તથા ખેતી સંલગ્ન પ્રશ્નો અગાઉથી ગ્રામસેવક/વિસ્તરણ અધિકારીએ મેળવીને કૃષિ મહોત્સવની વેબસાઈટ ઉપર અપલોડ કરવાના રહેશે કે જેથી **કૃષિ વૈજ્ઞાનિકો પૂરતી તૈયારી સાથે કાર્યક્રમમાં હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન આપી શકે.**

## (૩) કૃષિ મહોત્સવ–૨૦૧૬નો દૈનિક મોડલ કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

(પરતુ સ્થાનિક પરિસ્થિતિ મુજબ તેમા ફેરફાર કરી શકાશે).

### ► પ્રથમ દિવસ :

| સમય | | સૂચિત કાર્યક્રમ | આયોજક |
|---|---|---|---|
| સવાર | બપોર | | |
| ૮.૩૦ થી ૯.૦૦ | | દીપ પ્રાગટય અને ઉદ્‌ઘાટન સમારંભ (પ્રથમ દિવસ માટે) | જિલ્લા ટીમ |
| ૯.૦૦ થી ૯.૪૫ | ૨.૩૦ થી ૩.૧૫ | સેમીનાર લેકચર–૧ કૃષિ અને પ્રશ્નોત્તરી | જિલ્લા ખેતીવાડી અધિકારી, **કૃષિ વૈજ્ઞાનિક** |
| ૯.૪૫ થી ૧૦.૩૦ | ૩.૧૫ થી ૪.૦૦ | સેમીનાર લેકચર–૨ બાગાયત અને પ્રશ્નોત્તરી | નાયબ બાગાયત નિયામક, પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૦.૩૦ થી ૧૦.૪૫ | ૪.૦૦ થી ૪.૧૫ | વિશ્રાંતિ | |
| ૧૦.૪૫ થી ૧૧.૩૦ | ૪.૧૫ થી ૫.૦૦ | સેમીનાર લેકચર–૩ પશુપાલન અને પ્રશ્નોત્તરી | નાયબ પશુપાલન નિયામક, **અને પશુપાલન વૈજ્ઞાનિક** |
| ૧૧.૩૦ થી ૧૨.૦૦ | ૫.૦૦ થી ૫.૩૦ | સેમીનાર લેકચર–૪ સહકાર અને પ્રશ્નોત્તરી | જીલ્લા રજીસ્ટ્રાર (સહકાર) |
| ૧૨.૦૦ થી ૧.૦૦ | ૫.૩૦ થી ૬.૧૫ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો, પશુપાલકો, બાગાયતકારોના વિષયોકત અનુભવોનું આદાન–પ્રદાન, ખેડૂતોનું સન્માન | જિલ્લા ટીમ |
| ૧.૦૦ થી ૨.૩૦ | | ભોજન– વિરામ | જિલ્લા ટીમ |

### ►બીજો દિવસ :

| | | | |
|---|---|---|---|
| ૯.૦૦ થી ૬.૦૦ | ● | કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ ઉપર વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તથા પ્રશ્નોત્તરી | જુદા જુદા ખાતાના / યુનિવર્સિટીના સંબધિત અધિકારીઓ |
| | ● | જુદી જુદી કંપનીઓ દ્વારા વિસ્તારને અનુરૂપ સાધનોનું નિદર્શન | |
| | ● | ખેતીના ઈનપુટનું પ્રદર્શન–કમ વેચાણ | |
| | ● | જે તે ખાતા દ્વારા સંબધિત યોજનાઓના મંજૂરી પત્રોનું વિતરણ | |

## (૪)_પ્રચાર–પ્રસાર :

૧. સ્થાનિક પાકને અનુરૂપ ખેતી પધ્ધતિ તેમજ નવીનતમ ટેકનોલોજી અંગેનું સ્થાનિક ભાષામાં ઈ–સાહિત્ય અને રાજયના અગત્યના પાકોની ખેત પધ્ધતીઓની બુકલેટ (કૃષિ યુનિવર્સિટી દ્વારા)

૨. કૃષિ મહોત્સવ કાર્યક્રમના સ્થળે કૃષિ લગત સાહિત્યની મોબાઈલ લાઈબ્રેરી(કૃષિ યુનિવર્સિટી કક્ષાએથી)

૩. વિસ્તરણ તંત્રને અધ્યતન તાંત્રિક સાહિત્યની કિટસ પૂરી પાડવી( કૃષિ યુનિવર્સિટી કક્ષાએથી)

## (૫) સમગ્ર કૃષિ મહોત્સવ દરમ્યાન વિવિધ વિભાગોના કાર્યક્રમો :

| વિભાગ | કામગીરી/ કાર્યક્રમો |
|---|---|
| કૃષિ યુનિવર્સિટીઓ | ઝોન વાઈઝ મેગાઈવેન્ટ, કૃષિ ઉત્પાદન વધારવા માટે વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન, કાર્યક્રમના વિસ્તારને અનુરૂપ સાહિત્ય તૈયાર કરી વિતરણ, સોઈલ હેલ્થ/એગ્રો ફોરેસ્ટ્રી અંગે માર્ગદર્શન, મેગાઈવેન્ટ અંગેની તમામ પ્રકારની કામગીરી |

## (૬) ઝોનવાઈઝ મેગા ઈવેન્ટના સફળ આયોજન માટે સમિતિઓની રચના અને કાર્યો

| | | |
|---|---|---|
| ૧. | સંબંધિત કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | મેગા ઈવેન્ટના સ્થળના સંબંધિત જિલ્લા કલેકટરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩. | જે તે કૃષિ યુનિવર્સિટીના ઝોનમાં આવતા અન્ય તમામ જિલ્લા કલેકટરશ્રીઓ | સભ્યશ્રી |
| ૪. | જે તે કૃષિ યુનિવર્સિટીના ઝોનમાં આવતા તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ | સભ્યશ્રી |
| ૫. | સંયુકત ખેતી નિયામક(વિસ્તરણ)(સંબંધિત વિભાગીય) | સભ્યશ્રી |
| ૬. | સંયુકત બાગાયત નિયામક(સંબંધિત વિભાગીય) | સભ્યશ્રી |
| ૭. | જે તે કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી | સભ્ય સચિવશ્રી |

### ઉપરોકત સમિતિના કાર્યો :

૧. રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઝોન વાઈઝ મેગા ઈવેન્ટનું આયોજન કૃષિ યુનિવર્સિટીના મુખ્ય મથકે કરવાનું રહેશે.

૨. મહાનુભાવો અને પદાધિકારીઓને કાર્યક્રમના આમંત્રણ આપવા અને સરકારી નિયમોનુસારના પ્રોટોકોલની વ્યવસ્થા કરવી.

૩. સંબધિત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રીએ મંડપ, સ્ટેજ વ્યવસ્થા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર યોગ્ય ટેન્ડર પ્રક્રિયા દ્વારા કરવાની રહેશે.

૪. જિલ્લા કલેકટરશ્રીએ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી સાથે રહી કામગીરી કરવાની રહેશે.

૫. સમારંભ/મંડપનું આયોજન, સ્ટેજ વ્યવસ્થા/વીવીઆઈપી વ્યવસ્થા.

૬. ઝોનના જિલ્લા વહીવટી અધિકારીઓની ઉપકુલપતિશ્રીની અધ્યક્ષતામાં મીટીંગ બોલાવવી.

૭. ખેડૂતોને લાવવા લઈ જવા માટે જરૂરીયાત મુજબની બસોની સંખ્યા( વધુમાં વધુ ૨૦૦) નકકી કરી, એસ.ટી. નિગમ મારફતે બસોની વ્યવસ્થા કરવી. જે અંગે ટ્રાન્સપોર્ટ કમીટી બનાવવી.

૮. ગામ વાઈઝ લાભાર્થી ખેડૂતોની સંખ્યા નકકી કરવી.

૯. કાર્યક્રમના સ્થળે જરૂરી પ્રાથમિક સુવિધાઓ તથા ખેડૂતોના સવારના ચા–નાસ્તો તથા પરત જતી વખતે ફુડ પેકેટ/પાણીની તમામ વ્યવસ્થા સંબધિત કૃષિ યુનિવર્સિટીએ કરવાની રહેશે.

૧૦. સેમીનાર અને પ્રદર્શન ગોઠવવા તથા પ્રદર્શન બે દિવસ ચાલુ રાખવાનું રહેશે.

૧૧. કાર્યક્રમ અંગે અગાઉથી પ્રચાર–પ્રસાર કરવો.

–:–:–:–:–:–:–:–:–:–:–